राजाओनुं अर्ध घंटा स्मरण.

Half-Hours with the Best Mogul Emperors.

ઝહિર—એદ—દીન મહમ્મદ

Zahir-ud-din

બાબર.

17/1900 13

(પ્રથમ વિભાગ.)

પ્રકાશક,

ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટ.

પ્રયોજક, રાજપત્રિકા અને વાર્તાવારિધિ

અમદાવાદ.

અમદાવાદ.

શ્રી " મુદ્રણકલામંદિર " લિમિટેડ, ખાડિયા.

ઇ. સ. ૧૮૯૯. સં. ૧૯૫૫.

મૂલ્ય-રૂ.૦-૨-૦.

પ્રાસ્તાવિક સૂચન.

ઇતિહાસ એ જનમંડલના જીવનનું કાવ્યજ છે; વિવિધ પ્રજાઓનાં ઉન્નતિ-પડતીનાં કારણો તથા તે ઉપરથી માનવબન્ધુઓએ લેવાના સુબોધનું દિવ્ય ગાન પણ તેજ ગાઇ શકે છે. સ્વદેશના ઇતિહાસપરત્વે અજ્ઞાનતા એ આપણાઉપર સકારણ મુકાતો એક મહા દોષ છે, જેનું અલ્પ પરન્તુ સહૃદયોચિત સૂચન બાબુ રોમેશચન્દ્રદત્ત પોતાના 'પ્રાચીનભારતના સુધારાના ઇતિહાસ'માં તથા સર્ વિલિયમ હુન્ટર પોતાના 'હિન્દની પ્રજાના ટુકા ઇતિહાસ'માં કરે છે.

ગુર્જર બન્ધુઓને આપણા આવી અયોગ્યરીતે અવગણના પામેલા વિષયમાં પ્રેરવા, એવાજ હેતુથી પ્રથમ આ વિષય Half-Hours with the Best Mogul

Emperors (મુગલ મહારાજાઓનું અર્ધ સ-દી સ્મરણ-) એ નામથી અત્રે પ્રકટ થતા 'આર્યવત્સલ' નામના માસિકમાં ઇ. સ. ૧૯૦૫ માં મુકવાની શરૂઆત કરવામાં આવી હતી,—જેનો આ પ્રથમ વિભાગ જ છે. સમકાલીન નૃપતિઓનું પણ યત્કિંચિત દર્શન આપવા અહિં પ્રયત્ન થયેલો છે.

બીજા મુગલ મહારાજાઓનું સ્મરણ કરવાને પણ, આ ભાગનો વાચકો તરફથી તેઓની યોગ્યતાના પ્રમાણમાં સ્વીકાર થયેથી, અમે સર્વદા તત્પરજ છીએ.

૭૨૯૮

ઝહિર–અદ્–દીન મહમ્મદ

બાબર.

સુખદુઃખના વિચિત્ર ચક્રઉપર ચડાવેલો અને "વ્યાઘ્ર" પદની ઉપમા પોતાના પૌરુષથી જ પ્રકટ કરનાર તુર્કસ્તાન (તાર્તરી)-ના એક નાના પ્રદેશનો ખાન બાબર આ મહા વિશાળ હિન્દુસ્તાનમાં એક મહારાજ્યની સ્થાપના કરે છે; પરંતુ તેનો મહા વિજય પણ તેના નિરંતર ઉદ્યોગ પ્રયાસની પૂર્ણ પ્રસાદી નથી.

ખ્રિસ્તાબ્દ (ઈ. સ.) ના સોળમા શતકની શુદ્ધિ સ્મૃતિમાં આવે છે; શૌર્ય ગુણ અને સાહસ તેમજ ધર્મ અને કળાનો ઉત્કર્ષ પ્રભાવ દૃશ્યમાન થાય છે; અને આ શતક ક્રાન્તિ અને

કીર્તિના પ્રકાશથી એવું તો દેદીપ્યમાન દેખાય છે કે તેની ઝગઝગતી જ્યોતિ તથા સમ્પૂર્ણ કળાએ ખીલી રહેલી પ્રભાઆગળ ભૂત તથા ભવિષ્યના અન્ય સર્વે સૈકા ઝાંખા પડી નિષ્પ્રભ થતા જણાય છે: દુનિયાના ઇતિહાસમાં આ સો વર્ષ જેવી બીજી કઇ ટુંકી મુદતમાં આવાં વીરરસમય તોફાન, શૌર્ય ગુણનાં સાહસ, વિદ્યાકળા વૃદ્ધિ, સ્વતંત્રતાની સમૃદ્ધિ, શુદ્ધપ્રેમનું મહત્ત્વ, શસ્ત્ર—કૌશલ્યના શોધ, વીરતાના વિજયનાદ, અને દિગ્વિજયના ફરકી રહેલા વિજયી વાવટા જોઇએ છીએ ?

આજ શતકમાં ફ્રેંકલોનના રણસંગ્રામમાં, ચોથા જેમ્સરાજાની સાથે જ સ્કોટલાંડના વીરો તથા ઉમરાવો, યુદ્ધમાંથી પાછા પાની ન કરતાં કીર્તિ મેળવી સ્વર્ગવાસ કરે છે: અને સેંટ્જોનના નાઇટો* (ઘોડેસ્વાર યોદ્ધાઓ)

---

* ખ્રિસ્તિધર્મના સંરક્ષણાર્થે ઉત્પન્ન થયેલાં

મુસલમાનોના અસંખ્ય દળપૂરને રોકી રાખવાને વૃથા પ્રયાસ કરે છે; તુર્કલોકોના " અર્ધચન્દ્ર " *(-ચિન્હ ધારણ કરનાર વાવટો) આગળ ખ્રિસ્તીઓનો " ક્રોસ "+(-ચિન્હ ધારણ કરનાર ધ્વજ) ફીકો પડેછે—મ્હાત થાય છે અને ખ્રિસ્તી મહારાજ્યની કુંચી-બેલગ્રેડનો અજીત કિલ્લો યશસ્વી સુલતાનની રૂધિરમય તરવારને તાબે થાય છે; વિટનબર્ગના થરથર ધ્રૂજતા વિદ્યાર્થીઓની આગળ પોપ§નું " બુલ " (આજ્ઞાપત્ર) બાળવામાં આવેછે;

---

* " લડાયકધાર્મિક " મંડળોમાંના એકનું નામ.

+ ખ્રિસ્તિ ધર્મનું ચિન્હછે, તે+આવું હોયછે. આવા લાકડાઉપર તેમના ધર્મપ્રવર્તક ઇસસક્રાઇસ્ટને ખીલા ઠોકી મારી નાંખવામાં આવ્યો હતો.

§ ખ્રિસ્તિ કેથૉલિક સમ્પ્રદાયનો ધર્મગુરૂ પોપ કહેવાય છે.

એકબસ્મ વાળા અને ગુપ્ત જેસ્યુઇટ*ની મંડળી જન્મ પામે છે; અને મેગેલન, અલારકોની સાહસિક સફરો તથા કોર્ટેઝ યોદ્ધાના નિર્ભયતાથી પ્રાપ્ત કરેલા વિજયો પણ આજ સૈકામાં જોવામાં આવે છે.

આવા સતેજ શૌર્યપ્રેમવાળા અને વિદ્યાવિલાસી સ્વભાવથી જ, ફ્રાન્સના ગાદી પહેલા ફ્રાન્સિસે પોતાના હાથ નીચેના વીર પાસેથી યુદ્ધશિક્ષણ તથા જર્મની અને સ્પેનના મહારાજાધિરાજ પાંચમા ચાર્લ્સે વ્હેનિસના ચિત્રકાર પાસેથી ચિત્રશિક્ષણ લીધાં તેવું પણ આપણે આ સૈકામાંજ જોઇએ છી-

---

* કૈથોલિક સમ્પ્રદાયનું સંરક્ષણ કરવાને આ મંડળી ઉત્પન્ન કરવામાં આવી હતી; કેટલાક વખત સુધી આ મંડળની આખા યુરોપમાં એટલી તો સત્તા હતી કે તેનાથી પોપ તથા મહારાજાઓ પણ ડરતા હતા.

ઓઃ— મોટા મોટા મહારાજાઓને પણ સામાન્ય મનુષ્યની પેઠે સ્વવિક્રમ પ્રકાશિત કરવાને પ્રયત્નો કરતા જોઇએ છીએ; ઈંગ્લાંડનો હેન્રી; ફ્રાન્સનો ફ્રાન્સિસ, જર્મની અને સ્પેનનો ચાર્લ્સ. આમાં રોસ્સા, 'સાગરનો રાજા'; અને ટર્કીનો બહાદુર, સોલોમન, એક બીજા પાસેથી સજ્જડ ખુંચાવી લેવાને, શૌર્યપ્રેમમાં શ્રેષ્ઠ ગણાવાને, અને વિદ્યા–હુન્નર-કળા-કૌશલ્યાદિમાં ઉત્તમ આશ્રયદાતા થવાને પ્રયત્નો કરતા પણ આજ શતકમાં દૃશ્યમાન્ થાય છે. રાક્ષસીયુદ્ધો જોઇએ છીએ, જેમાં આપણા અર્વાચીન યુદ્ધશાસ્ત્ર જાણનારા લડવૈયાના દારૂગોળાની ધડાધડી અને રાજ્યપ્રપંચના કાવાદાવા કરતાં શારીરબળ અને આગ્રહ યુદ્ધ વધારે જોઇએ છીએ.

દિગ્વિજયી જંઘીસખાન અને વીર તૈમુરલેંગનાં વંશોની એકત્ર થયેલી શાખામાં એક

બાળવીર ઉત્પન્ન થાય છે અને તેના બન્ને પૂ-ર્વજ-વિજેતાઓ, જેમની આગળ યુરોપ અને એશિયા ધ્રુજતા હતા, તેમના જેવા જ મહા-ગુણો તેનામાં જન્મથી જ જણાઇ આવે છે.

ઝેહિર-એદ્દ-દીન મહમ્મદ બાબર સુ-લતાન ઉમ્મરશેખ મિરઝા અને બેગમ કુતલુક નિગારખાનમને ઘેર હિજરી સન્ ૮૮૮ ના મોહોરમ માસની છઠ્ઠી તિથિએ જન્મ પામે છે. બાર વર્ષની વયમાંજ અન્દિજાનપર પો-તાનું સમ્પૂર્ણ પરાક્રમ પ્રકાશવાથી તેનો પિતા તેને ફાર્ગાનાનું એક નાનું રાજ્ય સોંપે છે; અને પછી થોડાજ વખતમાં તે પડીને મરી જવાથી બાબર 'સ્વધર્મરક્ષક'નું ઉપનામ ધારણ કરી ગાદીએ બેસે છે. તેના કાકાઓ રિપુવત્ ધસારા કરે છે અને અહમદ તથા મહમદ (તેના બંન્ને કાકા) પોતાના ભત્રિજા-ની બાલ્યાવસ્થાનો લાભ લેવા પ્રયત્નો કરે છે

પરન્તુ તેમાં નિષ્ફળ થાય છે; અને ઇન્દ્રજનો
ઘેરો ઉઠાવવાની તથા સલાહ કરવાની આખ-
ર તેઓને ફરજ પાડે છે. આવીજ રીતે વર્ષ-
નાં વર્ષ-સુખ દુઃખનાં વર્ષ, વીતી જાય છે.

સમરકન્દ-મધ્ય એશિયાનું રાજનગર. જં-
ગીસખાનનાં અસંખ્ય ટોળાંનું ઉત્પત્તિસ્થાન,
તૈમુરબેગની વિજયી સેનાએ મેળવેલી લૂંટનું
સંગ્રહસ્થાન, પૃથ્વીના પદાર્થોનું મોટું બજાર,
અને અખૂટ ગુલામોનો વ્યાપાર ચલાવનારૂં શ-
હેર તથા એશિયાખંડની મુગલ ને તુર્ક જાતોની
છાવણી પણ તેના લશ્કરો પાસે નમ્ર થાય છે,
દાસવત્ સેવા કરવાનું વચન આપે છે, અને
મધ્ય એશિયાના અધિરાજ તરીકે તેનું સ્વા-
મિત્વ સ્વીકારે છે.–પરન્તુ વળી ભાવિચક્ર ફરી
જાય છે, વિજયકુસુમ કરમાઇ જાય છે, પ્રતા-
પની સમૃદ્ધિ સુકાઇ જાય છે અને તેનું સાહિ-
ત્ય નાશ પામે છે; ફકીરની પેઠે, અવાચિની સં-

છે, આપણે 'જુગલ-બાથ' શબ્દનો અર્થ જાણ્યો છે, અને પોતાના પિતા પાસેથી વારસામાં મળેલું ફરગાનાનું રાજ્ય ખરૂં ખોઇ બેસે છે. પરન્તુ તથાપિ પણ આ મહાવીર હિમ્મત હારતો નથી તેમજ ધીરજ છોડતો નથી.

આખર! આખર! પ્રસિદ્ધ તે તું-જ-નરવ્યાઘ્ર પણ તું જ. દિગ્વિજયમાં ચાતુર્ય અને કળા તથા પૌરુષ અને હિમ્મત દેખાડવાં તેમાં કાંઇ વિશેષતા નથી, કારણ તે તો કુદરતના સ્વાભાવિક નિયમાનુસાર થયાં જ કરે છે; જો તે તે મહાગુણો ન હોય તો તેઓ વિજયી થઇ શકે જ નહિ—કારણ ઝેરૂક્સિસનાં અસંખ્ય દળો પણ તેને કામ આવ્યાં નહિ, શિરાજ-ઉદ્-દૌલાનાં લશ્કરો પણ કલાઇવનાં થોડાં માણસોને જીતી શક્યાં નહિ, લાખ્ખો ઇન્ડિયનો પણ કોલમ્બસ તથા કોર્ટેઝના મુઠ્ઠીભર માણસોને હરાવી શક્યાં નહીં. દા-

આ જયચન્દ્રની મહાસેના પણ પૃથુરાજને હઠાવી શકી નહીં. દુઃખ સમયે પણ પ્રયત્નો કર્યા જ કરે અને પાછી પાની ન કરે તે જ ખરો મહાવીર—તે જ ખરો યોદ્ધો તે જ ખરો મનુષ્ય—અને તે જ ખરો મહાત્મા. આર્યાવર્તમાં રાજ્ય કરવાને તથા મહારાજ્ય સ્થાપવાને નિર્માણ થયેલા વીરોને આજ બેહાલ ભટકતા જોઇ સ્વીડનનો બારમો ચાર્લ્સ, હાનિબાલ, નેપોલિયન, સ્કોટલાંડનો રોબર્ટ, પ્રતાપ, વાલેસ, હુંગેરીનો જનરલ કોસ્યુથ, શિવાજી, બ્રુસ, પોરસ તથા વનરાજ આદિ અનેક મહાવીરોનાં પુનઃસ્મરણ થયા વિના કેમ રહે? જય પામો વા પરાજિત થાઓ અને સુખમાં આરામ લો અથવા દુઃખમાં રખડો,—ગમે તેવી સ્થિતિમાં અને ગમે તે સ્થળે આવા મનુષ્યો હોય, તોપણ તેમનામાં સામર્થ્ય—શૌર્યપ્રેમ—આત્મબલ તથા સદ્ગુણ હોય, તો તેમને કોણ મહાપુરુષ નહીં કહે? વિજય એ માત્ર નિ-

મિત જ છે; અને માણસની ખરેખરી ફતેહ-ત્રી-નું સાધન પરાજયો જ છે. સુખમાં-સત્તામાં-વિજયમાં તો સર્વ દીન જ લાગે છે; અન્યને તો સર્વથા પથરા જ સમજવા.

વળી અસ્તોદયનું ચક્ર ફર્યું, અને તેના ફેરવવાનું સાર્થક આબરે સોઘોગ પ્રયાસ અને સ્વચાતુર્યથી કરી ઇચ્છિત ફળ પ્રાપ્ત કર્યું. સમરકન્દ અને બોખારા, ઉત્તર અને દક્ષિણ, મુગલ અને તુર્ક, અજીતકિલ્લાઓ અને મોટાં નગરો, સમૃદ્ધિવાન પ્રજાઓ અને ભટકતાં ટોળાંઓ, પહાડી પ્રદેશો અને સપાટ રણો, વિસ્તીર્ણ ક્ષેત્રો અને વિશાળ મહેલો, દુશ્મન અને મિત્ર, રાય અને રંક, સર્વ નમ્ર થયાં, અને તેના યશની મુકુટ તળે આવ્યાં. તેનો રાજદંડ—તેનું ખડ્ગ-વિપુરંગના રક્તથી રાતી થએલી તેની તલવાર જરી શાન્તિમાં પેઠી —પણ આ શાન્તિ ઉપરની જ હતી; આખો મધ્ય એશિયા હજી તેની

સામે ઉઠવાનો હતો; ચક્ર ઉપર સુખ હતું તેમ દુઃખ પણ હતું–વિજય હતો તેમ પરાજય પણ હતો, તેનો હજી તેને ફરીથી અનુભવ થવાનો હતો; ફરની-વાતોમાંજ સાંભળેલી પ્રજાઓમાં નિવાસ કરવાનો હતો તથા સ્વપ્નમાંજ ધારેલા દેશોમાં રાજ્ય કરવાનું હતું; એ સર્વ ભાવિ-–આશા કેમ ફરે ? શેક્સ્પીયર તથા કાળિદાસ વિગેરે મોટા કવિઓ પણ તેનું સામ્રાજ્ય સ્વીકારે છે; અને બાણભટ્ટ જેવો સમર્થ વિદ્વાન પણ કહે છે કે किमित्र क्रियतां दैवायत्ते वस्तुनि ? દૈવની સત્તા ઘણી મોટી છે, પરંતુ ઉદ્યોગની તેથી એ વધારે બલવાન છે. માણસ હમ્મેશાં સ્વપૌરુષથી જ "પુનઃસત્તા, પુનર્વિજય, અને પુનઃસુખ" પ્રાપ્ત કરે છે; અને કદી તે નિષ્ફળ થાય, તોપણ તેથી તેની કીર્તિ કાંઇ ઓછી થતી નથી અને તેણે પોતાનું કર્તવ્ય સમ્પૂર્ણ રીતે કર્યું છે એ તેનું સ્મરણ રહ્યાં કરવાથી નિરન્તર શાન્તિ રહે છે. તેથી સર્વદા સ્વાશ્રયી જનને જ ઇશ્વર સહાય્ય કરે

છે " એ મહાસૂત્ર આપણે કદી પણ ભૂલવું ન જોઇએ. બાબર પણ તેજ પ્રમાણે ચાલ્યાથી દિગ્વિજયી થયો.

તેને શાન્તિમાં—રિપુરહિત થયેલો અને મહારાજનો અધિરાજ આપણે જોયો હતો. પરન્તુ અલ્પ કાળમાં જ તે સર્વ અચિર સુખનો અન્ત આવ્યો અને ભાવિના વૈચિત્ર્યથી તે સર્વથી રહિત થયેલો હવે આપણી નજરે પડે છે. પરન્તુ,

"ઉદ્યોગિ વીર નિજ ઉદ્યમમાં ફરવે છે,
"ઉદ્યોગિ વીર નિજ ઉદ્યમથી જિતે છે; "

આ વાક્યો તેણે ખરાં પાડયાં. મોટા માણસો—જે મનુષ્યો પોતાના જ પ્રયાસ વડ્ડ પરાક્રમથી દુનિયામાં ચડ્યા હોય છે, તેમને એક ઘડીપર્યન્ત પણ આળસમાં કાળક્ષય કરવો પસન્દ પડતો નથી. ખરેખર! ઉદ્યમ જ મહાત્મા—મહાવીરોનો પ્રતિહારિ છે, કારણ તેઓ

ઉંચી યા નીચી—ગમે તે સ્થિતિમાં હોય છે તોપણ ત્યાંથી તેમનું નામ ઉદયાર્કની પેઠે પ્રકાશી રહે છે અને તે સ્થાનમાં કોઇ પુરૂષનો નિવાસ છે એમ આનંદાશ્રમે પામતા જગતને સૂચવે છે અને તેથીજ સરૂવોલ્ટર રેલે તથા બાન્યન કારાગ્રહમાંથી પણ આપણને અમૂલ્ય વારસો આપી ગયા છે; મિલ્ટન, પ્રેસ્કોટ થિયરી હોમર, અને ડિઝરાયલી અંધાવસ્થામાંથી પણ આપણને રસ્તો દેખાડે છે; રૂસો, ચેટરટન, સોક્રેટીસ, અને નાગેંદ, નિર્ધન સ્થિતિમાં પણ માનનીય થયા છે; અને જયમલ તથા ફત્તેસિંહ, શીનોફોન તથા લીયોનિડાસ, અને પોલેન્ડનો કોસ્યુસ્કો પોતાનાં પરાક્રમોથી પરાજયમાં પણ વન્દનીય થયા છે. મહાપ્રયાસો કર્યા સિવાય જંપ જ નવળે એવા ઉન્નત સ્વભાવને લીધે તે દક્ષિણમાં ગયો; વીરને લશ્કરની ખોટ હોતી જ નથી એમ આપણે હૈદર, રણજીતસિંહ તથા ક્રોમ્વેલના ચોથા હેન્રી વિગેરેનાં જીવ-

નોમાંથી જાણીએ છીએ; અને તેમજ બાબરે પણ એક મોટું લશ્કર એકઠું કરી અફગાન ચીરો જેવા સુપ્રખ્યાત લડવૈયાઓનો પણ પરાજય, દાક્ષિણાત્ય જાતોનાં નગરોમાં શ્રેષ્ઠ તથા અફગાનિસ્તાનનું પાટનગર કાબુલ કાબુ કર્યું. સર્વદા અસ્થિર ભાવિચક્ર ઉપર રમતો, આ સુગલવીર સુખદુઃખથી ઉન્મત વા નિરાશ થતો નથી: અને સમરકન્દ વગેરે મોટાં નગરો જીતવાને વારમ્વાર પ્રયત્નો કર્યાજ કરે છે, પરન્તુ ફાવતો નથી. વખતે ફકીર અને વખતે રાજા બનતો બાબર સદા કાળ આનન્દમાં દિન નિર્ગમે છે, પરન્તુ એવામાં તેની દષ્ટિને એક બીજી જ દિશામાં ભ્રમણ કરતી જોઇ આપણને ભાવિનું ભાન થાય છે.

વિવિધ પ્રકારના લુંટારાઓના ભક્ષને બાબર પણ તાકે છે, કદિ સામર્થ્યમાં તે તેના અન્ય પૂર્વજો કરતાં ઉતરતો છે, તોપણ સ્વા-

જ્ય અને ઉદ્યોગ તથા સાહસમાં તેમનાથી કો-
ઇ પણ રીતે ઉતરે એમ નથી. જંગીસખાને ક-
રોડો મનુષ્યોના અધિપત્યથી મહારાજ્યો રચ્યાં;
તૈમુરલંગે લાખો માણસોની સાહાય્યથી રાજ્ય
વિસ્તાર્યું; પરન્તુ **અકબરે** તો હિન્દના
અર્ધા ઉપર પણ સ્વામિત્વ નહોતું.

આર્યાવર્તનો દ્વીપકલ્પ, પ્રાચીન કાળથી પો-
તાની સમ્પત્તિ, સમૃદ્ધિ, વ્યાપાર, કળા કૌશલ્ય,
તથા ધનાઢ્યતાને લીધે લૂંટારા તથા લડવૈયા-
ઓને સારૂ ભક્ષ થઇ પડ્યો હતો; ઇજિપ્તનો
સિસોસ્ટ્રિસ, આસીરિયનની રાણી સેમીરામિસ
તથા મહાન્ સિકન્દરના વખતથી તે નાદિર-
શાહ તથા અહમદશાહની સ્વારીઓ સુધી વાર-
વ્વાર ઉત્તર હિન્દુસ્થાનમાંથી અપાર લક્ષ્મી લૂં-
ટીને તથા અસંખ્ય મનુષ્યોને ગુલામ કરી
ને બીજી પ્રજાઓ લઇ ગયાના ઇતિહા-
સમાંથી ઘણા દાખલા મળે છે તેનું કારણ પ-

ણું ગૌરવ કે આપણે પૂર્વે મેળવેલાથી પતિત થઇ ને ધીમે ધીમે સ્વાભાવિક શિથિલતા તથા આલસ્યમાં પડી ગયેલા છીએ અને "હિન્દુસ્થાન" એ અધમ નામને યોગ્ય થયા છીએ.

બાબર પંજાબ ઉપર હલ્લો કરે છે, અને તે લુંટારો નહીં પણ જિતનાર થવાને આવ્યો છે એમ લૂંટ થવા ન દેતાં, કર ઉઘરાવી સિદ્ધ કરે છે.—એક પછી એક એમ ચાર પાંચ સ્વારીઓ કરે છે; કોઇ વાર દ્રવ્યપ્રાપ્તિ પણ થાય છે; કોઇ વખત યુદ્ધો પણ કરવાં પડે છે; અને ક્વચિત્ પાછા પણ હઠવું પડે છે. બહુધા નહીં છતાં મતાન્ધ—બહુધા સરદારો અને અજ્ઞાન સિપાઇઓઉપર અસર કરવાને મુગલ સરદારોની ઇચ્છાપ્રમાણે લાહોરનું બજાર બાળી નંખાવે છે; અને દિપાલપોરના બ-શહેરની, પોતે ક્રૂર નહિ છતાં, દાખલો બેસાડવાને કતલ કરાવે છે; મોટા સરદારોને પણ આવાં જાતકી અને અન્યાયી કૃત્યો કરવાં પડે છે

તેથી જ લડાઈઓ હમેશાં [illegible] અ-
ખ્તિયાર પામે છે અને વિનાશક છે.

બાબર જ્યારે હિંદુસ્તાનમાં આવ્યો ત્યારે (હિ. સં. ૯૩૨, ઈ.સ. ૧૫૨૬)માં અ-
ફઘાનિસ્તાનમાંથી તેનો [illegible] ફોજ [illegible] તથા
[illegible] લશ્કરસાથે [illegible] આ-
વી [illegible], [illegible] ગાઉ [illegible]
પાણિપતના રણસંગ્રામમાં ઇબ્રાહિમખાન લો-
દીના એક લાખ ઘોડેસ્વાર તથા સો હાથી-
ઓ [illegible] લશ્કરને હરાવે છે. ઇબ્રાહીમ રણ-
માં પડે છે અને **બાબર** જ [illegible] તથા
તૈમુરલંગનો વંશજ [illegible] હિંદના મહારાજા-
નો મુકુટ પોતાના [illegible] મસ્તકે ધારણ ક-
રે છે; તથા દુનિયાના ઇતિહાસમાં નામાંકિત થ-
વા એક પછી એક [illegible] થયેલા છે [illegible]
ન મુગલ મહારાજાઓનો [illegible] થાય છે.
[illegible] [illegible] [illegible] મહારા-
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] આ-

વીજ રીતે અને થોડાંજ માણસોથી ઈરાન ખગ તકે ફચરી નાંખ્યું હતું. રામચન્દ્રે આવા જ [illegible] નિર્માલ્ય હાથથી રાવણના અનાર્ય સામ્રાજ્યનો નાશ કર્યો હતો; ચંદ્રગુપ્તે થોડાંજ માણસોથી મગધ સલ્તનત હર્યું હતું; ઈંગ્લાંડના સિંહહૃદયી રાજા રિચર્ડે થોડા જ લશ્કરથી હિંદિજયી સેલદીન સુલતાનસાથે બાથ ભીડી હતી; પોલાંડના વિર સોબિએસ્કીએ આવાજ અલ્પ સૈન્યથી વિયેનાના મહા દુર્ગમાંથી વધેલું ફેંક્યુ—તુર્ક દળપૂર પાછું વાળી દીધું હતું; [illegible], ગેરીબાલ્ડી, વૉશિંગ્ટન, આદિ વીરોએ સ્વદેશમાં આવાં જ નાનાં લશ્કરોથી વિજય કર્યા હતા; શિવાજીએ રાજ્ય સ્થાપ્યું તે પણ આમ જ; મહાન્ પીટર, મહમુદ ગીઝની, તથા [illegible] જિતીજ્યા તે પણ આ જ પ્રમાણે; અને કુંભારાણાએ તથા વનરાજે મેવાડ તથા ગુજરાતનો પુનરોદ્ધાર કર્યો તે પણ આવા જ અલ્પ લ-

શંકરની સાહાય્યથી.

આ બન્નેઓ મહાવીરો જ હતા; અને તે-
મની પેઠે આપણો મહાવીર પણ વિજય શિ-
ખરઉપર પોતાનો જયધ્વજ ઉરાડે એમાં કાં-
ઈ આશ્ચર્ય નથી. **બાબર** દિલ્હીના તખ્ત ઉપ-
ર વિરાજે છે; અને અલ્પ કાળમાં ગ્વાલિય-
રના પ્રખ્યાત દુર્ગને ઘેરો ઘાલનાર હિન્દુઓને
નસાડી મુકી તે કિલ્લો જીતી લેછે. ઈબ્રાહિમ
શાહની મા તેને ઝેર દેવાનો પ્રયત્ન કરે છે, તે
નિષ્ફળ થાય છે; અને વિષ નાંખનારને તો
યોગ્ય જ શાસન મળે છે, છતાં સ્ત્રીજાતિ ઉ-
પર હાથ ઉપાડવો યોગ્ય નહીં ધારવાથી **બા-
બર** તેને માત્ર કારાગૃહમાં જ રાખે છે. ઈબ્રા-
હિમલોદીના એક પુત્રને રાજ્યાસને બેસાડવા-
નો પ્રયત્ન કરનાર અમીરોને હરાવી 'અજીત'
પદ ધારણ કરે છે; પરંતુ "શેરને માથે સવાશેર"
—**બાબર**ને પણ હંફાવનાર નીકળી આવે છે;

આપણો દિગ્વિજયી અને પરાક્રમી વીર પણ-સોપદ્રવ છે; અને અન્તે સ્વાશ્રય, ધૈર્ય, અને ઉદ્યોગ સાહસથી જ તે એક અતિ પ્રબલ આર ઉપર વિજય પામે છે.

ભારતખંડના નરાધિપોમાં શ્રેષ્ઠ, રજપૂત લડવૈયાઓમાં શ્રેષ્ઠ, આર્યવિજેતાઓમાં અ-ગ્રણિ, રાજસ્થાનનો રાજરાજેશ્વર મહાવીર સંગ્રામસિંહ આ સમયે મેવાડના સિંહા-સનને શોભાવી ભારતભૂમિને વિભૂષિત ક-રે છે. જે મ્લેચ્છો પૂર્વે રજપૂતોને ત્રાસરૂપ હ-તા તેમના વંશજો તેના હાથનીચે રહેવામાં સુખ માને છે, અને ગુજરાત તથા માળવાના મહાબળવાન મુસલમાન સુલતાનોને પણ તે-ની તલવારની તીવ્ર ધાર હમ્મેશાં કંપાવ્યા કરે છે; દિલ્હીના તુર્ક શાહેનશાહો પણ તેના રા-જતેજોમય સૂર્યસમ પ્રતાપપાસે ચન્દ્રની પેઠે નિસ્તેજ થઇ, રણથંભોરનો અજીત દુ-ર્ગ ખોવાથી તથા અનેક સમયે પરાજિત થવાથી

મેવાડના યોદ્ધાઓ—સિસોદિયા રજપૂતો—એ-પ્રામસિંહના વીરોને અજીત ધારી, રાજસ્થાનના મહારાજાધિરાજના સ્મિત કરતું વદન પોતાની તરફ સર્વદા તેવું જ રહે તેવા પ્રયત્નો કર્યા કરે છે. અને સમરકન્દ—બોખારા—કાબુલ અને દિલ્હીના વિજેતા મુગલ-તુર્ક બાબરની સામો આવી ફતેહપુર સીક્રી આગળ રણસ્થભ રોપનાર આ રજપૂત—સૂર્યવંશી વીર છે.

યુદ્ધમાં રિપુદળના દશમા ભાગ જેટલું પણ સૈન્ય નહીં છતાં બાબર ધૈર્યત્યાગ કરતો નથી. થોડા વખત જયશ્રી તેનો ત્યાગ કરી રજપૂત સેના ઉપર કૃપા કરે છે અને મુસલમાનોને ગર્વ અન્ધ સીસોદિયાના સૂર્ય આગળથી પાછો હઠે છે; બાબરની હરોળ* કતલ થઈ જાય છે, અને પોતાનાથી લશ્કર સાથે પાછું ખસીને જ-

* લશ્કરનો આગલો ભાગ Advanced Guard.

ઈ શકાશે કે નહીં, તેની ફિકરમાં તે આવી પડે છે. જય પામવાનું એક પણ ચિહ્ન જણાનું નથી, છતાં બાબરનો અજીત આત્મા નમ્ર થતો નથી; અને આ દુઃખમાં જ નિરાશાઓમાં જ ઉછરેલો યોધ આવી ભયભીત - નિઃસંશય નાશ પામીશું એવી ભીતિથી, લશ્કરની હાનિકારક સ્થિતિનો, ક્ષણવાર પણ બુદ્ધિગૌરવનું વિસ્મરણ ન કરતાં, એક મહા પ્રચંડ યુક્તિથી નાશ કરે છે. બાબર ઘણી સારી રીતે જાણતો હતો કે મુસલમાન પ્રજાઓની ધર્મની લાગણી કેવી રીતે સહાયભૂત થઈ પડે છે અને તેનો તેણે પ્રથમ પણ ઉપયોગ કરેલો હતો. દારૂથી થતું નુકશાન તથા કુરાનમાં કરેલી તે વાપરવાની મના તે લશ્કરને કહી સંભળાવે છે તથા બધો દારૂ ઢોળાવી નંખાવી અમીર-ઉમરાવો તથા આખા લશ્કર પાસે સોગન ખવડાવે છે કે " અમે મદ્યપાન કોઈ

પણ વિવસ કરીશું નહીં." પછી નિમાજ પ-
હી એકદમ "ઈશ્વરની કૃપા હવે આપણી તર-
ફ જ છે," એમ કહી "અલ્લાહુ—ઓ—
અકબ્બર" નો વિજયનાદ કરી લશ્કરસા-
થે દુશ્મન ફળાઉપર એકદમ ધસી પડે છે.

"નિવૃત્તિમાં જેવા આર્ય છે, તેવાજ પ્ર-
વૃત્તિમાં વિદેશીય છે," એ સિદ્ધાંત અહીં સ્પ-
ષ્ટ જણાઈ આવે છે. રાજ્યપ્રપંચમાં પ્રવીણ
થયેલા મુગલ બાદશાહો પ્રપંચોથી જ રજ-
પુતો જીતાશે, એમ ધારી જે યુક્તિઓ રચી
હતી, તેમાંની એકનું ફળ તે પ્રાપ્ત કરે છે;
આ મુગલ સૈન્ય "અલ્લાહુ—ઓ—અકબ્બ-
ર"ના ઠગારા ચાળા પાડતા ધર્માન્ધ[illegible]થી ર-
જપૂતો ઉપર તુટી પડે છે, તેજ વખત મેવા-
ડી મહારાજના લશ્કરનો મધ્ય ભાગ, જે રા-
મસીનના કુંવાર-દ્રોહી રાજાના હાથ નીચે હતા
તે તેનીજ સાથે દુશ્મનો સાથે મળી જાય છે

મહાભારત કતલ ચાલે છે; ભારતીય તેજસ્વી તુર્ક મુગલોનું રુધિર પૃથ્વીને તૃપ્ત કરે છે; અને આ-તે આ સાદા ભૈરવ-કારણ યુદ્ધનો અન્ત આવે છે. રજપુતો ધુંવારના ક્રોધથી પાછા હઠે છે, અને મુસલમાનોને હઠતે હઠતે પણ પોતાનો હાથ બતાવતા જાય છે; પરંતુ મેવાડનું—રાજસ્થાનનું છત્ર તો હમેશને માટેજ ખોવાય છે. વિજયી અકબર ચિતોડનો કિલ્લો ઘેરે છે; એ શત્રુના હાથમાં જતા કરતાં મૃત્યુને શ્રેય ગણનારી રજપુત વીરાંગનાઓ ખાસ કરીને "જોહર*"નું મૃત્યુ પણ

---

* જ્યારે રજપુતવીરોને પરાજિત થવાની બીક લાગતી ત્યારે તે સ્ત્રી બાળકોને ચિતામાં બળી બાળી મુકતા; આ પ્રમાણે મેવાડમાં એક કરતાં વધારે વાર કરવામાં આવેલું છે; કારણ મ્લેચ્છોના હાથમાં જવા દેવા કરતાં તેમને મારી નાખવા એ વધારે શ્રેય ગણતા હતા.

આનન્દથી ઝીલે છે, અને તે વીરબાળાઓની પેઠે જ રજપૂત યોદ્ધાઓ પણ રાણા બહાદૂર મહિનીઆસના હાથનીચે "કેસરીઆં" કરે છે અને મુગલોના લશ્કર ઉપર પતંગિયાંની પેઠે તૂટી પડે છે. અને એકે એક વીર કપાઈ જાયછે ત્યારે જ યુદ્ધનો અન્ત આવે છે.

યશસ્વી બાબરનો કીર્તિધ્વજ હવે આર્ય ભૂમિમાં યથેચ્છ ભ્રમણ કરે છે; અને બંગાળા તથા બહારના અફગાનો પણ પોતાનો કુદરતી ગર્વ ત્યાગી વિનીત થાયછે: અને કાશ્મીરના ઉદ્યાનથી તે સરસ્વતીના આનન્દના તટસુધી તથા સિન્ધુ તટઉપરનાં ભવ્ય પણ જનરહિત નગરોથી તે ગંગા અને બ્રહ્મપુત્રાએ કરેલા ફળપ્રદ પ્રદેશ સુધીમાં તેનું પ્રતાપવાનું નામ, પ્રશંસનીય સદ્ગુણ અને અલૌકિક શરીરબળ દેવતુલ્ય પ્રશંસા પામી વંદનીય બને છે. યુદ્ધમાં પિતાના જીવ બચાવનાર વીરતરીકે

સુખ દુઃખમાં ધૈર્ય રાખનાર તત્વજ્ઞાની—ફિલસૂફ તરિકે, નાના રાજ્યના સરદારમાંથી સમરકન્દ—મધ્ય એશિયાની ક્રૂર, વનચર, સ્વતંત્ર જાતિઓના મહારાજાધિરાજ થનાર વિક્રમિ નૃપતિ તરીકે, મહારાજ્ય ગયાથી પણ શોચ ન કરતાં અન્ય (કાબુલનું) રાજ્ય હાથ કરનાર ભાગ્યવાન્ યોધ તરિકે હિન્દુસ્થાન ઉપર ચઢી આવી જીતી લેનાર સાહસિક વીર તરીકે, ફતેહપુર સીક્રીના મહાયુદ્ધમાં સંગ્રામસિંહ જેવા અદ્ભુત રજપૂત વીરને પાછા હઠાવનાર યુદ્ધનિપુણ સૈન્યાધિપતિ તરિકે, હિન્દમાં એક મહારાજ્યની સ્થાપના કરનાર પ્રશંસનીય રાજ્યકર્તા તરીકે, અને "સ્વજીવન" લખનાર વિદ્વાન્ તથા સરસ્વતી દેવીનું પૂજન કરનાર કવિ તરીકે તેમજ મદ્યપાનનો નિષેધ કરનાર મહાત્મા તરીકે અને પુત્રને બદલે સ્વદેહોત્સર્ગ કરનાર પુત્રવત્સલ પિતા તરીકે તથા અબળા

ઉપર દયાશીલ નરાધિપ તરીકે **બાબર** જન મંડળને લાક્ષણિક છે; અને તેનું અલ્પજીવન જેટલી શિક્ષા આપી શકે છે તેટલી મોટાં મોટાં પુસ્તકો પણ ભાગ્યેજ આપી શકશે.

આ મહાન્ નરેશ ઈ.સ. ૧૫૩૦માં સ્વર્ગ પ્રાપ્ત કરે છે. તેનું "સ્વજીવન" આલ્ફ્રેડ, શાર્લમેન, તથા સિસિલી અને નેપલ્સના આલ્ફાન્સોના જેવા જ મહા પ્રયત્નો કરનારનો ઇતિહાસ છે, અને તેની કવિતાઓ સ્કોટલાંડના પ્હેલા જેમ્સનું આપણને સ્મરણ કરાવે છે. આવા સદ્ગુણો— મહાગુણોએ ભરતખંડ મુગલોને અપાવ્યો, અને તેના પછીના મહારાજાઓએ પણ આવાજ ગુણોથી તે ટકાવી રાખ્યું; અર્થાત્ "જેવું બી રોપાયું તેવાં ફળ થયાં," અને મુગલમહીપોની એક શાખા દુનિયામાં એક એવું તો નામ મુકી ગઇ છે, જે હજી વિજયમાં, સમૃદ્ધિમાં, તથા સત્તામાં અદ્વિતીય અને અપૂર્વજ છે.

" મહા પુરુષો તણાં જીવન સૂચવતાં જનને
" છે આપણ આધીન કરવું ઉન્નત જીવનને."